13/c

જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિઓ હસ્તકની પ્રાથમિક શાળાઓ/ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકની નિમણૂંક કરવા બાબત..

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંક:પીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક,
સચિવાલય,ગાંધીનગર.
તા. ૧૪/૦૭/૨૦૧૧.

**વંચાણે લીધા:-**

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૭-૪-૨૦૧૧નો ઠરાવ ક્રમાંક:પીઆરઇ-૧૧૧૦-૨૨૩-કે.
(૨) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીના તા.૧૮-૬-૨૦૧૧ના પત્ર ક્રમાંક: પ્રાશિનિ./ નીતિ/ વિ.સ/ ૨૦૧૧/ક/૨૭૩૭.

**સુ ધા રા ઠ રા વ :-**

પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકોની નિમણૂંક અંગેના નીતિ નિયમો અને માપદંડો આમુખમાં દર્શાવેલ સંદર્ભ (૧)ના ઠરાવથી નકકી કરવામાં આવેલ છે. સદરહુ ઠરાવમાં પુખ્ત વિચારણા કરી નીચે મુજબ સુધારો કરવા ઠરાવવામાં આવે છે.

## ૧. ફકરા-૨(બ) (i) માં

**શૈક્ષણિક અને તાલીમી લાયકાતના મથાળા નીચે શૈક્ષણિક લાયકાતમાં** જયાં જયાં બી.એ. લખાયેલ છે ત્યાં ત્યાં બી.એ. પછી બી.આર.એસ. ઉમેરવામાં આવે છે. .

## ૨. ફકરા-૨ (બ) (iii)માં

**ગુણાંકન** નીચે જયાં જયાં બી.એ. લખાયેલ છે ત્યાં ત્યાં બી.એ. પછી બી.આર.એસ. તથા એમ.એ. લખાયેલ છે તે પછી એમ.આર.એસ. ઉમેરવામાં આવે છે.

## ૩. ફકરા-૨(ક) (I)માં

**શૈક્ષણિક અને તાલીમી લાયકાતના મથાળા નીચે શૈક્ષણિક લાયકાતમાં** જયાં જયાં બી.એ. લખાયેલ છે ત્યાં ત્યાં બી.એ. પછી બી.આર.એસ.(ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજયશાસ્ત્ર તથા અર્થશાસ્ત્ર વિષય સાથે) તથા બી.કોમ. પછી (અર્થશાસ્ત્ર વિષય સાથે) ઉમેરવામાં આવે છે.

## ૪. ફકરા-૨(ક) (III)માં

**ગુણાંકન** નીચે જયાં જયાં બી.એ. લખાયેલ છે ત્યાં ત્યાં બી.એ. પછી બી.આર.એસ.(ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજયશાસ્ત્ર તથા અર્થ શાસ્ત્ર) તથા બી.કોમ. પછી (અર્થશાસ્ત્ર) તથા એમ.એ.

લખાયેલ છે તે પછી એમ.આર.એસ.(ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજયશાસ્ત્ર તથા અર્થશાસ્ત્ર) તથા એમ.કોમ. પછી (અર્થશાસ્ત્ર) ઉમેરવામાં આવે છે.

ઉકત સુધારા સિવાય તા.૨૭-૪-૨૦૧૧ના ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.બી.ગરાસિયા)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર ધ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/ માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી,(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સર્વ શિક્ષા અભિયાન તથા મધ્યાહન ભોજન યોજના સેકટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પંચાયત.

(ઉપરના ચાર: નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ મારફત)

- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા. ગાંધીનગર.
- માહિતી નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગર તરફ રાજયના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ.
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.(ઓન લાઇન મુકવા સારુ).
- સિલેકટ ફાઇલ. /નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.